કેસ રજુ તારીખ : ૧૫/૦૩/૨૦૧૬
કેસ દાખલ તારીખ : ૧૫/૦૩/૨૦૧૬
કેસ ફેસલ તારીખ : ૨૮ /૦૩/૨૦૧૮
સમય ગાળો :
વર્ષ માસ દિવસ

---

## મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૩ માં, મુ. અમદાવાદ.

---

**ક્રીમી.કેસ નં.૩૧૧/૨૦૧૬**

**આંક– ૨૨**

**ફરીયાદી** :– નામદાર સરકારશ્રી

**વિરૂધ્ધઃ**

**આરોપીઓ** :– (૧) સાલીન દિપકભાઈ પટેલ,
(૨) સરલ દિપકભાઈ પટેલ
બંને રહેવાસી– ૪, મોનસુન બંગ્લોઝ, પટેલ સોસાયટી, ઓફ સી.જી.રોડ, નવરંગપુરા,અમદાવાદ.

**ગુન્હોઃ**– આઈ.પી.સી.કલમ– ૨૭૯, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ–૧૩૫(૧) મુજબ

---

**ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી વ્યાસ**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી એસ.એમ.મર્ચન્ટ**

---

**–: ચુ કા દો :–**

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આરોપીઓએ તા.૧૮/૧/૧૬ ના કલાક ૧૯–૦૦ વાગ્યા આસપાસ નવરંગપુરા, બોડી લાઈન ચાર રસ્તા પાસે, સી.જી.રોડ ખાતે ફરીયાદીબેન સાથે બોલાચાલી ઝઘડો કરી, ફરીયાદીબેનને ગંદી ગાળો બોલી, પોતાના કબજાની કારમાંથી લાકડાનો હાથો( સ્ટીક જેવા આકારનો) લઈ આવી ફરીયાદીબેનની કારનો ડાબી બાજુનો સાઈડ ગ્લાસ ધોકા મારી તોડી નાખી તથા કારને ડાબી બાજુની સાઈડના ભાગે ધોકા મારી નુકશાન કરી ફરીયાદીબેન તથા સાહેદને માર મારવાની ધમકી આપી પોતાના કબજાની કાર પુરઝડપે બેદરકારી, ગફલતભરી રીતે ચલાવી ભાગવા જતા ફરીયાદીબેન તેને અટકાવવાની કોશીશ કરતા નીચે પડી જતા ફરીયાદીબેને ગળામાં પહેરેલ સોનાનો દોરો બે તોલા વજનનો કિં.રુ.૨૦,૦૦૦/– ની મત્તાનો તુટી પડી જઈ ખોવાઈ ગયેલ અને આરોપીઓએ સાહેદ નં.૪ ની મોટરસાયકલને ટકકર મારી મોટરસાયકલ પાડી દઈ પોતાની કાર લઈ ભાગી જઈ એકબીજાની મદદગારી કરી ગુન્હો કર્યાની ફરીયાદ ફરીયાદી એ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક. અમલદારે સેકન્ડ ગુ. ર. નં. ૩૦૦૪/ ૨૦૧૬ થી ફરીયાદ નોંધી ઈ. પી. કો. કલમ–૨૭૯, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપીઓ વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીઓને સમન્સ બજતા આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ આ કામે મારા પુરોગામી વિ.મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓ આંક–૪ થી તહોમતનામું ફરમાવી આંક–

૫ અને ૬ થી નિવેદન લીધેલ છે. જેમાં આરોપીઓએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહું કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ ધ્રુવ રાજેશભાઈ કારીયાની જુબાની | ૭ |
| ૨ | ફરીયાદી લજ્જાબેન આતિશભાઈ શાહની જુબાની | ૮ |
| ૩ | સાહેદ હિનાબેન ચમનભાઈ મકવાણાની જુબાની | ૧૦ |
| ૪ | પંચ સાહેદ જીવણજી શંકરજી ઠાકોરની જુબાની | ૧૧ |
| ૫ | સાહેદ ઝલક શાંતીભાઈ પટેલની જુબાની | ૧૪ |
| ૬ | પંચ સાહેદ મનુભાઈ ભીખાભાઈ વાઘેલાની જુબાની | ૧૫ |
| ૭ | ત.ક.અ. મહેશકુમાર અભેસંગની જુબાની | ૧૮ |

**દસ્તાવેજી પુરાવો :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૯ |
| ૨ | ગાડીઓને થયેલ નુકશાન અંગેનું પંચનામું | ૧૨ |
| ૩ | રીકવરી પંચનામું | ૧૬ |
| ૪ | સી.આર.પી.સી.કલમ–૧૫૭ નો રીપોર્ટ | ૧૯ |
| ૫ | વર્ધી | ૨૦ |
| ૬ | જાહેરનામાની નકલ | ૨૧ |

(૪) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના અધારે આરોપીઓનું ક્રિ.પ્રો.કોડ કલમ– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધતા આરોપીઓએ તમામ પુરાવો પોતાની હાજરીમાં અને પોતાના સાંભળતા લેવામાં આવેલ છે તે બાબત કબુલ રાખેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓની સામે ખોટી ફરીયાદ કરી ખોટો કેસ કરેલ હોવાની

હકીકત જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) ફરીયાદપક્ષે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**–:મુદ્દાઃ–**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટ મુજબ ઈ. પી. કોડ કલમ–૨૭૯, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

(૮) ફરીયાદપક્ષે સદરહું આક્ષેપીત ગુન્હાઓ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સાહેદ ધ્રુવ રાજેશભાઈ કારીયાનાઓને આંક–૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લેતાં તેઓએ પુરાવો આપેલ છે કે, બનાવ આશરે છ એક મહીના પહેલા બનેલો. બનાવ સમયે તેઓ તેમની ઓફીસ જે ઈન્કમટેક્ષ ચાર રસ્તા પાસે આવેલ હોય ત્યાંથી તેઓ તેમના ઘર તરફ જઈ રહયા હતા ત્યારે રાત્રીના સાડા આઠ નવ વાગ્યાની આસપાસ ઝેડ બલ્યુ સર્કલ પાસે ટ્રાફીક સીગ્નલ બંધ હતો

ત્યારે તેઓ તેમનું બાઈક લઈને સીગ્નલ પર આવ્યા હતા તે વખતે તેઓની બાઈકની જમણી બાજુ એક વેગનઆર ગાડી હતી અને તેમાં એક બહેન બેઠેલા હતા અને આ વેગનઆર ગાડીની આગળ એક બ્લેક કે બ્રાઉન કલરની હોન્ડા ઝેન ગાડી હતી તેમાંથી બે માણસો ઉતરેલ અને તેઓએ તેમના હાથમાં બેઝબોલ સ્ટીક હતી તેનાથી વેગનઆર ગાડીનો સાઈડ ગ્લાસ અને લાઈટ તોડી નાંખેલી. ત્યારબાદ ત્યાં પબ્લીક ભેગી થઈ ગયેલી જેથી બંને છોકરાઓ તેમની ગાડીમાં જતા રહેલા. તેઓને ત્યાં ઉભેલા એક ભાઈએ એવું કહેલ કે હું મારુ બાઈક એ હોન્ડા ગાડીની આગળ જઈને ઉભુ રાખુ જેથી તેઓ ભાગે નહી. ત્યારબાદ વેગનઆર ગાડીવાળા બહેન ગાડીમાંથી ઉતરેલા અને આ બંને વ્યકિતઓને ગાડીમાંથી બહાર નીકળવાનું કહેતા હતા. આ બહેન હોન્ડા ગાડીની આગળ  કાચના વાઈપર પકડીને ઉભા હતા પરંતુ આ બંને છોકરા બહાર નીકળ્યા નહી અને અચાનક તેમણે ગાડી ચાલુ કરી ચલાવી દીધેલ જેથી આ બહેન બે, ત્રણ મીટર સુધી ઘસડાયેલા અને તેઓનું બાઈક ફેંકીને આરોપીઓ સીગ્નલ તોડીને ભાગી ગયેલા. આ બનાવમાં તેઓના બાઈકને સાડા ચારથી પાંચ હજાર જેટલું નુકશાન થયેલું અને બહેનને બચાવવા જતા તેઓને મુઢ માર વાગેલો.ગાડીનો નંબર તેઓને હાલમાં ખ્યાલ નથી. આ કામે વેગનઆર ગાડીવાળા બહેને  ફરીયાદ નોંધાવેલી પોલીસે તેઓનો જવાબ લીધેલ. બનાવ સમયે ઝેસ ગાડીમાં જે બે છોકરા હતા તે તેઓની સામે આવે તો તેમને ઓળખી શકે. સાહેદને કોર્ટમાં હાાજર રહેલ વ્યકિતઓ પૈકી ઓળખ કરવાનું જણાવતા તેઓને ખ્યાલ ન આવવાનું જણાવે છે. પરંતુ જણાવે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો અને એક છોકરાએ ચશ્મા પહેરેલા હતા.  તેઓએ તેમના પોલીસ નિવેદનમાં હોન્ડા ગાડીનો નંબર લખાવેલ. સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં

આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવ જે જગ્યાએ બનેલો તે જગ્યાએ સાંજના સમયે ખુબ જ ટ્રાફીક હોય છે. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, આ બનાવ કયા કારણથી બનેલો તે તેઓને ખબર નથી. તેઓનું મોટરસાયકલ હોન્ડાગાડીવાળા પાડીને આગળ નીકળી ગયેલા તે બાબતે તેઓએ પોલીસને જાણ કરેલી અને પોલીસે પંચનામું પણ કરેલું. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવ બન્યો ત્યારે ઘણા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓએ તેમના પોલીસ નિવેદનમાં આ તોફાન કરનાર બંને ઈસમોનું વર્ણન લખાવેલું નહી.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષે ફરીયાદી લજજાબેન આતિશભાઈ શાહનાઓ ને આંક–૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, બનાવ તા. ૧૮/૧/૧૬ નારોજ બનેલો. બનાવ સમયે સાંજના સાત વાગે સી.જી.રોડ ઉપર તેઓનો વોલ પેન્ટીગનો ઓર્ડર લેવા ગયેલ. તેઓ તેમની ગાડી વેગનઆર જેનો નં.જી.જે.૧.આર.એલ. ૩૮૨૬ ચલાવતા હતા. તેઓ બોડી લાઈન ચાર રસ્તા થી પસાર થતા હતા ત્યાં ટ્રાફીક સીગ્નલ બંધ હતો એટલે તેઓ ત્યાં શાંતીથી ઉભા હતા. તેઓની ગાડી આગળ એક બ્રાઉન કલરની કાર હતી તેમાં બે છોકરાઓ બેઠા હતા તેઓ શાંતીથી ઉભા હતા સીગ્નલ બંધ હતું તો પણ એ છોકરાઓને એવું થયેલ કે, મે તેઓની ગાડીને ટચ કરી દીધેલ છે. કોઈપણ જાતના કારણ વગર આરોપીઓ બહાર નીકળ્યા અને બેઝબોલની સ્ટીકથી જોરજોરથી લેફ્ટ સાઈડનો ગ્લાસ તોડી નાંખેલો અને જોર જોરથી બે હેડ લાઈટ પણ પછાડેલી અને તોડી નાંખેલી. આ વસ્તુ થયા પછી તેઓ બહાર આવેલા એ જ વખતે છોકરાઓ તેમની કારમાં બેસી ગયેલા. આજુબાજુની બધી

પબ્લીક તેઓને બચાવવા જોડે ઉભી રહેલી. હું તેમની ગાડી સ્ટોપ કરુ હું એમની ગાડીની આગળ વાઈપર પકડીને ઉભી રહી ગયેલી અને તેમણે તેમની ગાડી સ્ટાર્ટ કરી દીધેલી. તેઓને એક છોકરી બચાવવા આવેલ અમને બંનેને ખસેડી દીધા એ વખતે એક છોકરો બાઈક લઈને આગળ ઉભો રહી ગયેલો. તેઓને તો બીજી બધી પબ્લીકે સાઈડમાં કરી દીધેલી પણ જે છોકરી તેઓને બચાવવા ઉભેલી એની ગાડીને ટકકર મારીને જતા રહેલા અને પેલા છોકરાનું બાઈક પણ ઉડાડી મારેલ અને જતો રહેલ. એ છોકરીને થોડું વાગેલું પણ હતું એના માટે એમ્બ્યુલન્સ પણ બોલાવવી પડેલી, ડ્રેસીગ કરવા માટે. જે બહેને તેઓને બચાવવા આવેલા તેમનું નામ તેઓને યાદ નથી. તેઓએ જે ગાડીનું વાઈપર પકડેલું તે બ્રાઉન કલરની ગાડીનો નંબર હાલ તેઓને યાદ નથી. તેઓએ જે તે વખતે પોલીસમાં લખાવેલું. બનાવ વખતે જે બે છોકરાઓ હતા તેમને તેઓ સો ટકા ઓળખી શકે નહી. કારણકે બનાવ વખતે તેઓ એકદમ શોક થઈ ગયેલ. આરોપીને કોર્ટમાં ઓળખી બતાવતા ફરીયાદી તેમને ઓળખે છે પરંતુ તેઓ ચોકકસ રીતે કહી શકે નહી તેમ જણાવે છે. બીજા માણસને ચોકકસ રીતે ઓળખી શકે નહી. બનાવની તેઓએ ફરીયાદ આપેલી જે ફરીયાદ તેઓને બતાવવામાં આવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે જે ફરીયાદ આંક–૯ થી રજુ છે. સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવ જે તારીખે બનેલાની તેઓ વાત કરે છે તે સમયે સી.જી.રોડ પર બંને બાજુ ટ્રાફીકની ખુબ અવરજવર હોય છે. આ બનાવ બન્યો ત્યારે આશરે ૨૦ થી ૨૫ લોકો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, આ ૨૦–૨૫ લોકોમાં આજુબાજુ ઉભા રહેલા વાહનોના લોકો પણ હતા.

**બનાવ બન્યા બાદ તેઓ પોલીસ સ્ટેશન ગયેલ ત્યારે તેઓએ પોલીસને આ છોકરાઓનું વર્ણન આપેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ફકત ગાડીનો નંબર આપેલો. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, ગાડીનો નંબર તેઓએ જાતે જોયેલો નહી મને કોઈએ જણાવેલ અને મે નંબર આપેલો. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, તેઓએ પબ્લીકના કહેવાથી જે ગાડીનો નંબર પોલીસને લખાવેલ તેવી ગાડીથી આવો કોઈ અકસ્માત થયેલ નથી. અને તે ગાડીમાં બેઠેલા છોકરાઓ ધ્વારા આવો કોઈ બનાવ બનેલો નથી. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, શંકાના આધારે પોલીસે ખોટી ફરીયાદ કરેલ છે.**

**(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ હીનાબેન ચમનભાઈ મકવાણાનાઓ ને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, આજથી આશરે એક વર્ષ અગાઉ તેઓ તથા તેમની મિત્ર ઝલક નહેરુનગર ખરીદી કરવા માટે જતા હતા તે વખતે બોડી લાઈન ચાર રસ્તા પાસે ટ્રાફીક સીગ્નલ પર ઉભા હતા તે વખતે આ કામના ફરીયાદી લજજાબેન તેઓ જે બાજુ ઉભા હતા તેની વિરુધ્ધ સાઈડ ઉભા હતા તે વખતે લજજાબેન ડ્રાઈવ કરતા હતા તે વખતે સામેવાળાને સીગ્નલ ચાલુ થઈ ગયુ છે તમે જતા રહો તે વખતે સામાવાળાને હોકીથી લજજાબેનને મારવાની કોશીશ કરેલી અને ધમકી પણ આપેલી કે બહાર નીકળીશ નહી તને મારી નાખીશ. ત્યારબાદ લજજાબેન પોતાની ગાડીમાંથી બહાર નીકળેલા અને સાલીન પટેલ કે જે આ કામના સામાવાળા છે તેમની ગાડી પાસે ગયેલા અને પુછેલ કે શું થયુ કેમ મારી સાથે આવું વર્તન કરેલ છે આટલું પુછતા જ આ ભાઈએ ગાડી ચાલુ કરી દીધી અને લજજાબેન ગાડીનું વાઈપર પકડીને આગળ લટકી ગયેલા અને આ લોકોએ ગાડી ચાલુ**

કરીને સીગ્નલ સુધી લઈ ગયેલા. આ બધુ જોતાં તેઓ તથા ઝલકબેન સામેની બાજુ લજ્જાબેનની મદદ કરવા ગયેલા. ત્યારબાદ અમે લોકો પણ સામાવાળાની ગાડીની સામેજ ઉભા રહી ગયેલા અને પુછેલ કે કેમ તમે મેડમને આવી રીતે હેરાન કરો છો. તેઓએ આરોપીઓને ગાડીમાંથી બહાર આવવાનું કહેલું પણ બહાર આવેલા નહી અને ગાડી તેઓની ઉપર ચડાવીને જતા રહેલા. જે બનાવમાં તેઓને જમણી આંખ પર ઈજા થયેલી અને તેઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવેલી. ત્યારબાદ નજીકના પો.સ્ટે.માં લજ્જાબેન સાથે ગયેલ અને પોલીસ કેસ કરેલ. પોલીસે તેઓનો જવાબ લીધેલો. આરોપી સાલીનભાઈને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. તેમજ ગાડીનો નંબર તેઓને યાદ નથી. સીયાઝ ગાડી હતી. સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓ ઝલકબેન અન એક મોટરસાયકલવાળો મોટરસાયકલ પર બેસી સામેની સાઈડ જતા હતા. તેઓ જે મોટરસાયકલ પર બેઠેલ તે ભાઈનું નામ લાડ મીતાંગ ગીરીશભાઈ છે. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, આ બનાવ સાંજના સમયે બનેલ તે વખતે સી.જી.રોડ ઉપર ઘણો ટ્રાફીક હોય છે. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, આ બનાવ સમયે ટ્રાફીક સીગ્નલ બંધ હતુ અને તે કારણે ઘણી બધી ગાડીઓ એકબીજાની નજીક નજીક ઉભી રહેલી. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓ જે દિશામાં જતા હતા તેની અવળી દિશામાં આ બનાવ બનેલો. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, સી.જી.રોડ પર બે રસ્તાની વચ્ચે ડીવાઈડર અને રેલીગ આવેલી છે. તેઓને એ વાતનો ખ્યાલ નથી કે તે વખતે સામાવાળાને સીગ્નલ ચાલુ થયું છે તમે જતા રહો ત્યારે સામાવાળાએ હોકીથી લજ્જાબેનને મારવાની કોશીશ કરેલી અને ધમકી પણ આપેલી કે બહાર નીકળીશ નહી

નહીતર તને મારી નાંખીશ આ હકીકત તેઅઓ તેમના નિવેદનમાં લખાવી છે કે, કેમ. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, આ ધમકી આપેલાનુ અને આ બનાવનું તેઓ સામે બાજુથી જોતા હતા. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, આ લોકો વચ્ચે ઝઘડો થયો તે વખતે ઘણા માણસો ભેગા થઈ ગયેલા. તેઓને એ વાતનો ખ્યાલ નથી કે તેઓનો પોલીસ જવાબ લખાવતી વખતે આરોપીનું વર્ણન પોલીસને આપેલ કે કેમ. સદર સાહેદને સવાલ કરવામાં આવેલ છે કે, મારો જવાબ લીધા પછી મને પોલીસે બોલાવેલ હોય અને આરોપીની ઓળખ કરાવેલ હોય તેવું બનેલ છે ? તેના જવાબમાં જણાવે છે કે, અમને બોલાવેલ પરંતુ અમે જઈ શકેલા નહી. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓએ તેમના પોલીસ જવાબમાં કોઈ જગ્યાએ સાલીન પટેલનું નામ લખાવેલ નથી. તેઓને જે ઈજા થયેલ તે તેઓએ પોલીસને જણાવેલ પરંતુ તેની તેઓએ કોઈ સારવાર લીધેલી નહી.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે પંચ સાહેદ જીવણજી શંકરજી ઠાકોરનાઓ ને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે કે જેઓ નુકશાન પહોંચાડેલ વાહનના પંચનામાના પંચ સાહેદ છે. તેઓએ પુરાવો આપેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી. તેઓને આંક–૧૨ નું પંચનામું બતાવવામાં આવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. આમ, સદરહું પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવ્યા છે અને બાદમાં કરવામાં આવેલ ઉલટ તપાસમાંથી કોઈ ફળદાયી હકીકતો બહાર આવતી નથી. સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓએ પંચનામામાં સહી કરી ત્યારે બીજો

કોઈ માણસ હતો નહી. બીજા કોઈ માણસોએ તેઓની હાજરીમાં સહી કરેલી નહી.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ ઝલક શાંતીભાઈ પટેલ નાઓને આંક– ૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, તા. ૧૮/૧/૧૬ નારોજ સાંજે સાત વાગ્યાની આસપાસ લો ગાર્ડનની પાસે તેઓ તેમના મિત્ર હીનાબેન અને તેમના ફીયાન્સ મોટરસાયકલ ઉપર નીકળેલા તેઓ લો ગાર્ડનથી સી.જી. રોડ તરફ જતા હતા ત્યારે બોડી લાઈન ચાર રસ્તા પાસે તેઓની તરફનું સીગ્નલ બંધ હતું ત્યારે તેઓ ઉભા હતા ત્યારે જમણી સાઈડ એક લેડીઝ જોડે બે વ્યકિતઓ મગજમારી કરી રહયા હતા જે તેઓએ જોયેલું. ત્યારબાદ આ બે વ્યકિત તેમની કારમાં બેસી ગયેલા અને આ જે બેન હતા તેઓએ આ લોકોની ગાડીનું વાઈપર પકડી તેમને રોકવાનો પ્રયત્ન કરેલો. પરંતુ આ બે ઈસમો રોકાયેલા નહી અને ધીરે ધીરે ગાડી ચલાવવા લાગેલા અને આ બહેને ગાડીનું વાઈપર પકડી રાખેલું. તેઓને એવું થયું કે આ બહેનને તકલીફ પડી રહી છે જેથી તેઓ આ ગાડી રોકવા માટે આગળ ઉભા રહેલા અને તેઓની સાથે આજુબાજુના રાહદારીઓ પણ ઉભા રહેલા અને આ બે વ્યકિતઓને બહાર બોલાવવાનો પ્રયત્ન કરેલો પણ તેઓ આવેલા નહી અને બધા ભેગા થઈ ગયેલા હોય તેમ છતાં આ લોકોએ તેમની આગળથી ગાડી ચાલુ કરી દીધેલ. એક ભાઈએ આ ગાડી રોકવા તેમની બાઈક મુકેલી અને આ લોકોએ જેવી ગાડી ચાલુ કરેલી ત્યારે તેઓ આગળ હતા જેથી પાછળ ખસ્તા તેઓને ગાડીનો ધકકો વાગેલો આ વખતે તેઓની મિત્ર હીનાબેન મકવાણાને પણ આ લોકો ગાડી લઈને તેમની દિશા તરફ વળતા હીનાબેનને વાગેલું. જેથી તેઓએ સાક્ષી તરીકે જુબાની આપેલી. જે બે વ્યકિતઓ ગાડી ચલાવતા હતા તેમાંથી જે ભાઈ ગાડી ચલાવતા હતા તેમનુ તેઓ

કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. જે લેડીઝ બેન હતા તેઓની વેગનઆર ગાડી હતી અને તેના બંને કાચ ફુટેલા હતા જે ભાઈ ગાડી ચલાવતા હતા તે ગાડીનો નં.જી.જે.૧. આર.એલ.૦૫૯૩ નો હતો. સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ..ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓ જે જગ્યાએ ઉભા હતા તે જગ્યા ચાર રસ્તા છે. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, જે બેનની ગાડી હતી અને તેઓનું મોટરસાયકલ ઉભુ હતું તે મોટરસાયકલ બંને વિરુધ્ધ દિશામાં ઉભા હતા. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓને આ બહેનની પાસે આવવું હોય તો રોંગ સાઈડમાં આવવું પડે. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓએ તેમના પોલીસ જવાબમાં તેઓને ગાડીનો ધકકો વાગેલો તેવી હકીકત લખાવેલી નથી. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓના પોલીસ જવાબમાં આ લોકો ગાડી લઈને વળતા હીનાબેનને પણ વાગેલું તે લખાવેલ નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષે પંચ સાહેદ મનુભાઈ ભીખાભાઈ વાઘેલાનાઓ ને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લેતાં તેઓની પોલીસે એક તૈયાર પંચનામામાં સહી લીધેલી. તેઓની હાજરીમાં કોઈએ પો.સ્ટે.માં કાંઈ રજુ કરેલ હોય તેવું બનેલ નથી. તેઓને આંક–૧૬ નું રીકવરી પંચનામું બતાવવામાં આવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. આમ, સદરહું પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવ્યા છે અને બાદમાં કરવામાં આવેલ ઉલટ તપાસમાંથી કોઈ ફળદાયી હકીકતો બહાર આવતી નથી. સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, પોલીસે તૈયાર

પંચનામામાં સહી કરાવેલી આ સિવાય તેઓ બનાવ બાબતે કાંઈ જાણતા નથી.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે ત.ક.અ. મહેશકુમાર અભેસંગ નાઓને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, તા.૧૮/૧/૧૬ નારોજ ક. ૧૨–૦૦ થી ૨૦–૦૦ સુધી ઈન્વે.માં તેઓની નોકરી હતી તે દરમ્યાન ક. ૧૯–૦૦ ની આસપનાસ કંટ્રોલમાંથી મેસેજ મળેલ. નવરંગપુરા મોબાઈલના ઈન્ચાર્જ ફરીયાદીને લઈને તેઓની પાસે આવેલા. ફરીયાદી ફરીયાદ તેઓ રુબરુ તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ જે આ કામે આંક–૯ થી રજુ છે.ગુનો જાહેર થતા સી.આર.પી.સી.કલમ–૧૫૭ નો રીપોર્ટ જાહેર થયેલ જે આંક–૧૯ થી રજુ છે. ત્યારબાદ ગુનાવાળી જગ્યાએ જઈ પંચો રુબરુ પંચનામું કરેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. ત્યારબાદ આરોપીને પકડી પો.સ્ટે. ખાતે જામીન રજુ કરતા જામીન ઉપર મુકત કરેલા. આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડતા ચાર્જશીટ કરેલ્ુ. આ કામે જે મેસેજ આવેલ તે આંક–૨૦ થી રજુ છે. સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, ફરીયાદીની ફરીયાદ તેઓએ જાતે લખી લઈ તેમાં ફરીયાદીની સહી કરાવેલ. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, તૈયાર પંચનામું કરી તેમા ફકત નામ, સરનામા પુછી પંચોની સહીઓ લીધેલ છે. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, આ પંચનામા અમોએ પોલીસ સ્ટેશન બેસીને જાતે પંચોની ગેરહાજરીમાં તૈયાર કરેલ છે. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, સાહેદોના ફકત નામ સરનામા લખી ફરીયાદને અનુરુપ નિવેદનો જાતે લખી લીધેલ છે. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, પુરતો પુરાવો પડતો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૧૫) આ કામે ફરીયાદ વંચાણે લેતાં આરોપીઓએ ફરીયાદીબેન સાથે બોલાચાલી ઝઘડો કરી, ફરીયાદીબેનને ગંદી ગાળો બોલી, પોતાના કબજાની કારમાંથી લાકડાનો હાથો( સ્ટીક જેવા આકારનો) લઈ આવી ફરીયાદીબેનની કારનો ડાબી બાજુનો સાઈડ ગ્લાસ ધોકા મારી તોડી નાખી તથા કારને ડાબી બાજુની સાઈડના ભાગે ધોકા મારી નુકશાન કરી ફરીયાદીબેન તથા સાહેદને માર મારવાની ધમકી આપી પોતાના કબજાની કાર પુરઝડપે બેદરકારી, ગફલતભરી રીતે ચલાવી ભાગવા જતા ફરીયાદીબેન તેને અટકાવવાની કોશીશ કરતા નીચે પડી જતા ફરીયાદીબેને ગળામાં પહેરેલ સોનાનો દોરો બે તોલા વજનનો કિં.રૂા.૨૦,૦૦૦/– ની મત્તાનો તુટી પડી જઈ ખોવાઈ ગયેલ અને આરોપીઓએ સાહેદ નં.૪ ની મોટરસાયકલને ટકકર મારી મોટરસાયકલ પાડી દઈ પોતાની કાર લઈ ભાગી ગયેલ તે મુજબનો આક્ષેપ છે. આ આક્ષેપોના સમર્થનમાં આંક–૭ થી તપાસવામાં આવેલ સાહેદે આરોપીઓને ઓળખી બતાવેલ નથી કે વાહનનો નંબર પણ જણાવેલ નથી. વધુમાં ભોગ બનનાર ફરીયાદીને આંક–૮ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ આરોપીઓને ઓળખી બતાવેલ નથી કે આરોપીની ગાડીનો નંબર પણ જણાવેલ નથી. તે ઉપરાંત તેઓએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે ગાડીનો નંબર તેઓએ જાતે જોયેલો નહી તેઓને કોઈએ જણાવેલ અને તેઓએ નંબર આપેલો. આંક–૧૦ થી તપાસવામાં આવેલ હીનાબેને આરોપી સાલીનભાઈને ઓળખી બતાવે છે. પરંતુ તેઓએ ગાડીનો નંબર જણાવેલ નથી. તે ઉપરાંત તેઓએ ઉ.ત.માં સ્વીકારેલ છે કે, તેઓએ પોલીસ જવાબમાં કોઈ જગ્યાએ સાલીન પટેલનું નામ લખાવેલ નથી. વધુમાં આંક–૧૨ ના વાહનને નુકશાન થયેલ હોય તેનુ પંચનામું છે જેના પંચ સાહેદને આંક–૧૧ થી

તપાસવામાં આવતા તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. વધુમાં આંક–૧૪ થી તપાસવામાં આવેલ ઝલકબેન શાંતીલાલ પટેલનાઓએ જે ભાઈ ગાડી ચલાવતા હતા તે ભાઈને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે અને ગાડીનો નંબર પણ જણાવેલ છે. પરંતુ આરોપીનું કોઈ નામ જણાવેલ નથી કે કોઈ વર્ણન પણ કરેલ નથી. આંક– ૧૬ રીકવરી પંચનામાના પંચ સાહેદને આંક–૧૫ થી તપાસવામાં આવતા તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ત.ક.અમલદારે તેમની તપાસને અનુરુપ પુરાવો આપેલ છે.

(૧૬) આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતાં આ કામના આરોપીઓ પોતાનું વાહન બેફામ અને બેદરકારી પુર્વક ચલાવતા હતા તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. તે ઉપરાંત આરોપીએ ફરીયાદીને કોઈ ઈજા પહોંચાડેલ હોય અને આવું કૃત્ય આરોપીએ ઈરાદા કે જ્ઞાન સાથે સ્વેચ્છાપૂર્વક કરેલ હોય અને તેને કારણે ફરીયાદીએ સારવાર લીધેલ હોય તેવું પુરવાર કરેલ નથી. વધુમાં આરોપી એ બનાવ વખતે કોઈ અશ્લીલ કૃત્ય કર્યું અથવા અશ્લીલ ગીત, કાવ્ય સંભળાવ્યું અથવા ઉચ્ચાર્યું હોય અથવા તો આવું કૃત્ય જાહેર સ્થળે અથવા જાહેર સ્થળની નજીક કર્યું હોય અને આવા કૃત્યથી અન્યને ત્રાસ થયેલ હોવો જોઈએ. પરંતુ ફરીયાદી ધ્વારા તેઓની ફરીયાદમાં કે તેમની જુબાનીમાં આરોપીએ ચોકકસ કયા બિભત્સ શબ્દો બોલેલા કે કયા અશલીલ શબ્દો કહેલા કે કઈ અશલીલ હરકતો કરેલ તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વળી આવુ કૃત્ય જાહેર સ્થળે કરવામાં આવેલ છે કે કેમ ? તેવો પણ કોઈ પુરાવો રજુ કરી શકેલ નથી. તે ઉપરાંત આરોપીએ ફરીયાદીની ગાડીને નુકશાન કરેલ હોય અને ફરીયાદીનો સોનાનો દોરો તુટી

**જતા પડી ગયેલ તે મુજબનો આક્ષેપ છે. પરંતુ આ આક્ષેપોના સમર્થનમાં પણ કોઈ પુરાવો ફરીયાદપક્ષે સાહેદોની જુબાનીથી રજુ થયેલ નથી. વધુમાં આરોપીઓ એ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલાનો આક્ષેપ છે. પરંતુ શુ ધમકી આપી તે પણ ફરીયાદી એ તેમની જુબાનીમાં જણાવેલ નથી. તે ઉપરાંત જાહેરનામું આંક–૨૧ થી રજુ છે પરંતુ ફરીયાદપક્ષે જી.પી.એકટની કલમ–૧૩૫ ધ્યાને લેવામાં આવે તો, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ના જાહેરનામાનો ભંગ કરેલ હોય, તેવું ફરીયાદપક્ષે ફરીયાદીની જુબાનીથી પુરવાર થતું નથી. તેમજ ફરીયાદ પક્ષે આવું કોઈ જાહેર નામું બહાર પાડેલ હતું કે આવા કોઈ જાહેરનામાની આરોપી ને જાણકારી હતી કે, કેમ તે હકીકત પણ પુરવાર કરેલી નથી. આમ,જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુન્હો પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે. જેથી તપાસવામાં આવેલ ફરીયાદી અને સાહેદોની જુબાનીથી આરોપીઓએ ફરીયાદી ને બિભત્સ ગાળો બોલેલ હોય કે કોઈ હથીયાર વડે માર મારેલ હોય કે ફરીયાદીની ગાડીને નુકશાન પહોંચાડેલ હોય કે જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. તે તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નંબર : ૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નંબર : ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**–: <u>હુ કુ મ</u> : –**

**(૧) આ કામના આરોપીઓને ક્રિ. પ્રો. કોડ ની કલમ – ૨૪૮ (૧) અન્વયે ઈ.પી. કો. કલમ– ૨૭૯, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા**

**જી.પી. એકટ ની કલમ–૧૩૫(૧) મુજબના શીક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.**

**(૨) મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.**

**(૩) આરોપીઓના અગાઉના જામીન તથા જાતમુચરકા રદ કરવામા આવે છે.**

**(૩) આરોપીઓએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ રૂા.૧૦,૦૦૦ /– ના જામીન આપવા નો હુકમ કરવામાં આવે છે.**

**હુકમ આજરોજ તા. ૨૮ , માહે માર્ચ સને ૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૨૮/૦૩/૨૦૧૮**
**અમદાવાદ.**

**(સુરેશકુમાર કલુદાન ગઢવી)**
**એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**કોર્ટ નંબર.૧૩,અમદાવાદ.**
CODE NO. GJ01023